# NSS Activity Report 2022-23

## કોલેજમાં ચાલતી NSSની વર્ષ 2021-2022ની પ્રવૃતિઓનો ટૂંકો અહેવાલ

એન. એસ. પટેલ આર્ટ્સ (ઓટોનોમસ) કોલેજ, આણંદમાં NSSની પ્રવૃતિ ઘણા લાંબા સમયથી ચાલે છે. સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા ત્રણ યુનિટ ફાળવવામાં આવ્યા છે. 300 જેટલા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. વર્ષ દરમિયાન કરવામાં આવેલી વિવિધ પ્રવૃતિઓનો ટૂંકો અહેવાલ અહીં પ્રસ્તુત છે.

*

1). **21/06/2022ના** રોજ કોલેજના મેદાન પર વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવ્યા. જેમાં અનેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

2) **20/07/2025ના** રોજ NSS અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને ગુજરાતી ભાષા-સાહિત્યના જાણીતા વિદ્વાન નરેશ વેદ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને NSS વિવિધ પ્રવૃતિઓનો પરિચય આપવામાં આવ્યો હતો.

3) **22/07/2022ના** રોજ આ વિભાગ દ્વારા 'મહેંદી ડિઝાઇન' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાણીતા નિષ્ણાંત ખુશી પટેલે વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી. કુલ 72 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

4) **13/08/2022ના** રોજ 'RUN FOR TIRANGA' રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં NSSના 225 જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. આણંદ શહેરમાં રેલી યોજીને લોકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જાગૃત કરવા જુદાં જુદાં પોસ્ટરો અને સૂત્રો રજૂ કરવામાં આવ્યા હતા.

5). **07/02/2023ના** રોજ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેદાનમાં 'વન ડે કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સફાઈકામ, માટીકામ, વૃક્ષ સંવર્ધન, પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવો વગેરે પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

6) **29/12/2022ના** રોજ કોલેજ કેમ્પસ ખાતે 'વન ડે કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની આસપાસનું સફાઈકાર્ય તથા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

7) **04/10/2022ના** રોજ કોલેજ ખાતે 'વન ડે કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના મકાનની ચારેબાજુ સફાઈ, વિવિધ માળની લોબીની સફાઈ તથા ધાબાની સફાઈ કરવામાં આવી હતી.







